# VENUS CULTURAL ASSOCIATION

**(Registered under Societies Registration Act, 21 of 1860 No. Bom.219/82 GBBSD)**

**(Public Trust Act of 1950 No. F8335 (BOM)**

---

**Chandraraj Building, Chincholi Bunder Road, Malad (West), Mumbai 400 064.**

---

કૃપાકરી પ્રસિધ્ધી માટે – ૧૨ માર્ચ ૨૦૦૯

## વિશ્વ કિડની દિવસ નિમીત્તે શ્રી રામ નાઈક નાં હસ્તે કિડની શિબીર નું ઉદ્‌ઘાટન

મુંબઈ,ગુરૂવાર : "વિશ્વ આખમાં કૅન્સર અને હૃદયરોગ બાદ સર્વાધિક મૃત્યુ કિડનીની તકલીફો ને કારણે થાય છે, માટે સમયસર પોતાની તપાસ કરી કિડની જેવાં મહત્વપૂર્ણ અવયવ ની તકલીફ થી બચવું એ આજના સમયમાં અતિ આવશ્યક છે"એવું પ્રતિપાદન માજી કેંદ્રિય પેટ્રોલિયમ પ્રધાન શ્રી રામ નાઈકે આજે અહીં કર્યું હતું.

વિશ્વ કિડની દિવસ નિમીત્તે ગોરેગાંવ ખાતે વિનસ કલ્ચરલ સેંટર અને લાયન્સ કલબ ઑફ મિલેનિયમના સંયુકત ઉપક્રમે કિડની પરીક્ષણ શિબીરનું આયોજન કરવામાં આવ્યું હતું.આ શિબીરનું ઉદ્‌ઘાટન કર્યા બાદ આયોજકોનો અભિનંદન કરતીવેળાં શ્રી રામ નાઈકે કહ્યું કે " વિનસ કલ્ચરલ સેંટરમાં ડાયાલિસિસ ની સગવડ ફકત ૩૦૦ રૂપીયામાં ઉપલબ્ધ છે,તેનો લાભ દર્દીઓએ અવશ્ય લેવો.ફકત આવો દુખદ સમય આપણી પર આવેજ નહીં તે માટે સમયસર તપાસ કરાવવી મહત્વની છે."આ પ્રસંગે બોલતી વેળાં વિનસ ટ્રસ્ટનાં વિશ્વસ્ત શ્રી જયપ્રકાશ ઠાકૂરે ઉપસ્થિતોને ટ્રસ્ટ દ્વારા ચાલનારાં ડાયાલિસીસ સેંટર ની માહિતી આપી હતી.

આ શિબીરમાં સ્થાનિક નગરસેવિકા અને માજી ડૅ.મેયર શ્રીમતી વિદ્યા ઠાકૂર,લાયન્સ ડિસ્ટ્રિકટ ચેરમેન(ડાયાલિસીસ) ,શ્રી રોશનલાલ બન્સલ, લાયન શ્રી મદનમોહન કેજરીવાલ અને ભારતીય જનતા પક્ષનાં ઉત્તર મુંબઈ જીલહાનાં અધ્યક્ષ શ્રી યોગેશ સાગર ઉપસ્થિત હતાં. શિબીર માટે આવેલ સેંકડો દર્દીઓની ડૉ.રાજેશ કુમાર અને ડૉ.રચના એ તપાસ કરી હતી.

(કાર્યાલય મંત્રી)